# 6 મુઘલ સામ્રાજ્ય : સુવર્ણયુગ અને અસ્ત

જલુપરિવાર દિલ્હીના પ્રવાસે ગયો હતો. પ્રવાસમાં પાડેલ ફોટાનું આલબમ નાનકડી પલકે વર્ગમાં વર્ગશિક્ષકને આપ્યું. તેમણે આ ચિત્રો વિદ્યાર્થીઓને બતાવ્યાં. દરેક ચિત્રની નીચે એક સવાલ આપેલ હતો. એક ચિત્ર જોઈને વિદ્યાર્થીઓએ પ્રશ્નો કર્યા : સાહેબ આ ચિત્રમાં એક મહિલા સાંકળ કેમ ખેંચી રહી છે ? વર્ગશિક્ષકે જવાબ આપતા જણાવ્યું કે આ ચિત્ર મુઘલ શાસક જહાંગીરની ન્યાય વ્યવસ્થાની ઝાંખી કરાવે છે. આજે આપણે કેટલાક મુઘલ શાસકો વિશે માહિતી મેળવીએ.




**6.1 જહાંગીરની ન્યાયપ્રિયતા**

મુઘલ શાસકોમાં સૌથી વધારે પ્રતિભાશાળી શાસક અકબરના અવસાન બાદ દિલ્લીની ગાદી ઉપર તેનો પુત્ર જહાંગીર આવ્યો. તેના સમયમાં મુઘલ સામ્રાજ્યનો વિસ્તાર પ્રમાણમાં વધારે થયો. રાજ્યમાં શાંતિ જોવા મળી. તેના પછીના શાસક શાહજહાંના શાસનકાળમાં વિશેષ પ્રમાણમાં બાંધકામો થયાં. વિશ્વપ્રસિદ્ધ બેનમૂન સ્થાપત્યો બન્યાં. તેના સમયમાં મુઘલ સત્તા સ્થાયી થઈ. તેના પછીના શાસક ઔરંગઝેબના શાસનકાળમાં મુઘલ સત્તાનો વિસ્તાર સવિશેષ થયો, પણ સાથેસાથે પતનનાં બીજ પણ રોપાયાં.

મુઘલ શાસકો જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબના શાસનકાળની કેટલીક મહત્ત્વની ઘટનાઓ વિશે જાણીએ.

### જહાંગીર (1605-1627) :



6.2 જહાંગીર

- અકબરના અવસાન બાદ ઈ.સ. 1605માં સલીમ નામનો તેનો પુત્ર 'જહાંગીર' (દુનિયાને જીતનાર) નામ ધારણ કરીને દિલ્હીની ગાદીએ આવ્યો.
- શાહજાદા ખુશરુએ બંડ પોકરતાં તેની સામે જહાંગીરે સખ્તાઈથી કાર્યવાહી કરી તેને બંદીવાન બનાવ્યો.
- શીખ ગુરુ અર્જુનસિંહે ખુશરુને મદદ કરી છે, એવા આરોપસર તેમનો વધ કરવામાં આવ્યો.
- જહાંગીરના સમયમાં ઇંગ્લૅન્ડના રાજાના પ્રતિનિધિ તરીકે હોકિન્સ અને ટોમસ રો ભારત આવ્યા હતા અને દેશમાં વેપાર કરવાનો પરવાનો મેળવવાની દરખાસ્ત મૂકી.
- જહાંગીરની પત્ની નૂરજહાં ખૂબ સ્વરૂપવાન અને મહત્ત્વાકાંક્ષી હતી, રાજ્યનો મોટા ભાગનો વહીવટ નૂરજહાં જ સંભાળતી.

### શાહજહાં (1627-1658) :



6.3 શાહજહાં

- રાજ્યની આબાદીનો પાયો ખેતી છે, એવું શાહજહાં માનતો હતો, આથી ખેતીને પ્રાધાન્ય આપી અકબરની મહેસૂલ પદ્ધતિ ચાલુ રાખી. તેણે રાજ્યમાં પ્રામાણિક અને મહેનતુ અધિકારીઓને નીમ્યા હતા.
- શાહજહાંએ જૂની દિલ્હી પાસે શાહજહાંબાદ નામે એક નવું શહેર વસાવી તેમાં ભવ્ય ઈમારતો બંધાવી હતી.
- શાહજહાંના સમયમાં મુઘલ શાસનની આવક પ્રમાણમાં વિશેષ હતી.
- શાહજહાંએ વિશ્વવિખ્યાત તાજમહાલ, લાલકિલ્લામાં દીવાને આમ અને દીવાને ખાસ, રંગમહલ, મોતી મસ્જિદ, દિલ્હીની જુમ્મા મસ્જિદ વગેરે જેવાં પ્રસિદ્ધ સ્થાપત્યો બંધાવ્યાં હતાં.

### ઔરંગઝેબ (1658-1707) :



6.4 ઔરંગઝેબ

- ઔરંગઝેબની યાદશક્તિ ગજબની હતી, અરબી અને ફારસી ભાષા ઉપર એનો કાબૂ હતો. 'કુર્આન શરીફ'નો તેણે ઊંડો અભ્યાસ કર્યો હતો.
- ઔરંગઝેબને કલા, સંગીત ચિત્ર પ્રત્યે અણગમો હતો.
- મારવાડને સ્વતંત્ર કરવા વીર દુર્ગાદાસે ઔરંગઝેબ સામે સતત પચ્ચીસ વર્ષ સુધી સંઘર્ષ કર્યો હતો.
- ઔરંગઝેબને દક્ષિણમાં બીજાપુર અને ગોવલકોંડાનાં શિયારાજ્યો સાથે પચ્ચીસ વર્ષ સંઘર્ષ ચાલ્યો.

- મહારાષ્ટ્રમાં શિવાજીએ દક્ષિણ ભારતમાં મરાઠા રાજ્યની સ્થાપના કરીને ઔરંગઝેબ સામે લડાઈઓ સતત ચાલુ રાખી.
- ઔરંગઝેબ સામે જાટ અને શીખોએ પણ બળવો કર્યો હતો.

મુઘલ શાસનમાં જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબના શાસનકાળમાં બનેલ કેટલીક ઘટનાઓ વિશે આપણે જોયું. હવે એ સમયના સમાજજીવન અને શાસનવ્યવસ્થા વિશે જાણકારી મેળવીએ.



6.5 દશેરા ઉત્સવ

**સમાજજીવન :** મુઘલ સમયમાં સમાજ સામંતવ્યવસ્થા ઉપર રચાયેલો હતો. રાજમહેલ તથા રાજદરબારનું વાતાવરણ વિલાસી હતું. બાદશાહ તેમજ અમીરોને ભપકાદાર પોશાક તથા ઘરેણાં પહેરવાનો શોખ હતો. અબુલ ફઝલ લખે છે કે, દર વર્ષે બાદશાહ માટે એક હજાર જેટલા કીમતી પોશાક તૈયાર કરવામાં આવતા. આ સમયે ગુજરાતના વેપારીઓ મોટા પાયા પર વેપાર કરતા, ગુજરાતનાં બંદરોથી વિશાળ જથ્થામાં માલ વિદેશ જતો અને આવતો; ઉત્સવો તથા તહેવારો ભપકાથી ઊજવવામાં આવતા હતા. જહાંગીરના સમયમાં દશેરાનો ઉત્સવ ઠાઠમાઠથી ઊજવવામાં આવતો. કોઈ પણ પરદેશી અમલદાર ભારતમાંથી મેળવેલું નાણું ભારતની બહાર લઈ જઈ શકતો નહિ.

**આર્થિક સ્થિતિ :** અબુલ ફઝલના પુસ્તકમાંથી મુઘલ સમયની આર્થિક સ્થિતિ જાણી શકાય છે. આ સમયે મણ 55.5 રતલ બરાબર હતો. લાહોરની શાલ, ફતેહપુર સિક્રીની શેતરંજીઓ, ગુજરાતનું સુતરાઉ કાપડ તથા ઢાકાની મલમલ દુનિયાભરમાં જાણીતી વસ્તુઓ હતી. ખંભાત, સુરત, ભરૂચ, મલબાર તથા બંગાળાનાં કેટલાંક બંદરોથી માલ પરદેશ જતો અને આવતો. ગામડાંઓ હજુ સ્વાવલંબી હતાં. પોતાને જોઈતી મોટા ભાગની વસ્તુઓ ગામડાના લોકો જાતે બનાવતાં.

**પ્રવૃત્તિ**

- તમારા ગામ-શહેરમાં ઊજવાતા કેટલાક તહેવારો આજથી ત્રીસ વર્ષ પહેલાં કેવી રીતે ઊજવાતા હતા, તેની માહિતી વડીલો પાસેથી મેળવો.
- તમારા ગામ-શહેરમાં એવી કઈ-કઈ વસ્તુઓ બને છે કે જેને તમારે બહારથી લાવવી પડતી નથી.

**મુઘલકાળનું કલા-સાહિત્ય :** મુઘલ શાસકો ભવ્ય મહેલોના ખૂબ શોખીન હતા. હિંદુકળાનું સુશોભન મુસ્લિમ કળાના મહેલો તથા ઘુમ્મટો સાથે જોડાયું. શાહજહાંએ કેટલાક વિશ્વપ્રસિદ્ધ સ્થાપત્યો બંધાવ્યાં, તેને 'મહેલોનો બાંધનાર' કહે છે. તેણે અનેક કલાકારોને આશરો આપીને કલાને ઉત્તેજન આપ્યું હતું. રજપૂત રાજાઓ ચિત્રકલાના ખૂબ શોખીન હોવાથી ચિત્રકલાને ઉત્તેજન આપતા. જહાંગીર પણ ચિત્રો ભેગાં કરવાનો શોખ ધરાવતો હતો.

મુઘલકાળ એકંદરે શાંતિનો સમય ગણાય છે. સાહિત્યને વિકસવા માટે આ સમય અનુકૂળ હતો આ સમયે સંસ્કૃત પુસ્તકોનાં ભાષાંતરો થયાં. ઇતિહાસના ગ્રંથો લખાયા, હિંદી સાહિત્યને ઠીક ટેકો મળ્યો. કબીર અને રહીમના

દુહા તથા સાખી પ્રચલિત થયાં. વૈષ્ણવ આચાર્ય વિઠ્ઠલનાથજીના શિષ્ય રસખાને હિંદી કાવ્યો લખ્યાં. આ સમયે ઘણા વિદેશી મુસાફર ભારતમાં આવ્યા હતા. તેમણે રાજ્યશાસન તથા તે સમયના લોકજીવન વિશેની નોંધ તેમનાં પ્રવાસ-વર્ણનોમાં કરી છે. તે સમયે ટેવર્નિયર તથા બર્નિયર નામના ફ્રેન્ચ મુસાફરો ભારતમાં આવ્યા હતા. તેમાં બર્નિયર તો ભારતમાં બાર વર્ષ સુધી રહ્યો હતો. તેણે નોંધ્યું છે કે મુઘલ શાસકો લશ્કર પાછળ ખૂબ ખર્ચ કરતા હતા. તે પ્રશંસાપૂર્વક લખે છે કે ભારતનું કાપડ તે સમયે યુરોપ અને એશિયાનાં બજારોમાં ખૂબ વખણાતું હતું.

**વિચારો**

- આપણા દેશમાં વર્તમાન સમયમાં લશ્કર પાછળ કેટલા ટકા બજેટ ફાળવાય છે ?
- દુહા, સાખી જેવાં નાનાં પદો લોકોમાં પ્રચલિત કેમ બને છે ?

### પતન

મુઘલ શાસનનો 'સુવર્ણયુગ' એટલે શાહજહાંનો શાસનકાળ. એમ કહી શકાય કે શાહજહાંનાં અંતિમ વર્ષોમાં મુઘલ શાસનના પતનની શરૂઆત થઈ હતી. તેમાં ઔરંગઝેબની નીતિ ઘાતક નીવડી. ઔરંગઝેબ સતત સંઘર્ષ કરતો રહ્યો, જેમાં ઉત્તરમાં વીર દુર્ગાદાસ અને દક્ષિણમાં મરાઠા કેસરી શિવાજીનો મુઘલો સામેનો સંઘર્ષ નોંધપાત્ર ગણાય છે

**(1) વીર દુર્ગાદાસ :** જોધપુરના મહારાજાનું અવસાન થતાં તેમના પુત્ર અને રાણીની ઉપર મુઘલ શાસનનો ભય ઊભો થયો. વીર દુર્ગાદાસે તેમને સલામત જગ્યાએ રક્ષણ આપ્યું. બાદમાં વફાદાર સૈનિકોની મદદથી મારવાડના સ્વાતંત્ર્યનો ઝંડો પચીસ વર્ષ સુધી ફરકતો રાખ્યો. ઓચિંતા છાપા મારવાની વ્યૂહરચના આગળ ઔરંગઝેબ ફાવ્યો નહીં. અંતે તેને રાજપૂતો સાથે સુલેહ કરવી પડી.



6.6 શિવાજીનો રાજ્યાભિષેક

**(2) છત્રપતિ શિવાજી :** ઔરંગઝેબની રાજનીતિના પરિણામે તેની સામે જે નવાં બળો ઊભાં થયાં; તેમાં મરાઠા રાજ્યની ગણના થતી. મહારાષ્ટ્ર એટલે મરાઠાઓનું વતન. બહમની સુલતાનોની નોકરી કરતા કેટલાક સરદારો જાગીર ભોગવતા હતા, તેથી સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરવા માટે એક સમર્થ રાષ્ટ્રવીર નેતા મળ્યો. એ રાષ્ટ્રવીર એટલે શિવાજી મહારાજ.

ભોંસલે કુટુંબના શાહજીના પુત્ર શિવાજીનો જન્મ ઈ.સ. 1630માં શિવનેરી કિલ્લામાં થયો હતો. માતા જીજાબાઈ અને ગુરુ દાદાજી કોંડદેવની નજર તળે શિવાજીનો ઉછેર થયો. પૂનાની નાની એવી જાગીરમાં શિવાજીએ સ્વરાજ્યનાં સ્વપ્નાં સેવ્યાં. સ્વાભિમાન, નીડરતા અને તેજસ્વીતા તેમણે માતા પાસેથી મેળવ્યાં હતાં. રાજનીતિના પાઠ દાદા પાસેથી શીખ્યા. તાનાજી જેવા મિત્રો મળ્યા. આમ, ધીમે-ધીમે તેમણે સૈન્યશક્તિ જમાવી. સોળ વર્ષની ઉંમરે કિલ્લાઓ મેળવાની શરૂઆત કરી. તોરણા, ચાકણ, સિંહગઢ, પુરંદર વગેરે કિલ્લાઓ તેમણે જીતી લીધા. બીજાપુર તેમજ મુઘલો સામે અનેક લડાઈ બાદ ઈ.સ. 1674માં રાયગઢમાં શિવાજીનો રાજ્યાભિષેક થયો. શિવાજીએ પોતાના રાજ્યમાં સુશાસન સ્થાપવા અનેક પ્રયત્નો કર્યા હતા. રાજ્ય કારભાર ચલાવવા માટે તેમણે આઠ પ્રધાનોનું એક મંડળ બનાવ્યું હતું.

**મુઘલ શાસનનો અંત :** પચીસ વર્ષ સુધી દક્ષિણમાં લડાઈ કરીને મુઘલ લશ્કર થાકી ગયું હતું. છેવટે ઔરંગઝેબને ઉત્તર તરફ પાછા ફરવાની ફરજ પડી. તે હવે વૃદ્ધ પણ થયો હતો. તેના અવસાન બાદ મુઘલ શાસન ધીમે-ધીમે પતન તરફ ઢળવા લાગ્યું. ગાદી માટે ઝઘડાઓ શરૂ થયા. બધાને સાથે રાખી શકે તેવો કોઈ સમર્થ શાસક ન મળ્યો. ઔરંગઝેબની સંકુચિત નીતિ મુઘલશાસનના અંત માટે જવાબદાર બની.

ઈ.સ. 1526માં શરૂ થયેલ મુઘલ સામ્રાજ્ય ઈ.સ. 1707માં પતન તરફ ઢળવા લાગ્યું. બાબર દ્વારા શરૂ થયેલ મુઘલ સામ્રાજ્ય ઔરંગઝેબના સમયમાં ભારતમાં ફેલાયેલ હતું અને તેના જ સમય કાળમાં પતનની શરૂઆત થઈ બાજુમાં આપેલ ચિત્રના આધારે મુઘલ શાસન વિશે ચર્ચા કરો.





**વાંચો અને ચર્ચા કરો.**

- અકબરના સમયમાં મુઘલ સલ્તનતનો સીમાવિસ્તાર નકશાની મદદથી જાણો.
- ઔરંગઝેબના સમયમાં મુઘલ સલ્તનતનો સીમાવિસ્તાર નકશાની મદદથી જાણો.
- મુઘલ શાસકોમાં સૌથી વધારે સીમાવિસ્તાર કોના સમયમાં થયો ?
- મુઘલ સામ્રાજ્યનું પતન કયા શાસકના સમયથી થયું ?

6.7 મુઘલસત્તાનો વિકાસક્રમ



બાજુમાં આપેલ ચિત્ર જોઈને શાહજહાંની છેલ્લી અવસ્થાનું વર્ણન કરો.

## સ્વાધ્યાય

**• શા માટે ? ચાલો વિચારીએ :**

(1) 'સર્વને માટે ન્યાય' માટે મુઘલ સમયની વ્યવસ્થા કેવી હતી ?

(2) શાહજહાંના સમયમાં વધુ બાંધકામો થયાં, કારણકે...

(3) વિશાળ મુઘલ સામ્રાજ્યના પતનની શરૂઆત ઔરંગઝેબના સમયમાં કેમ થઈ ?

**• જરા સમજીએ :**

(1) મુઘલ સમયમાં વિદેશ સાથેનો વેપાર મોટા ભાગે ગુજરાતના બંદરેથી થતો.

(2) શાહજહાંના સમયમાં વૈભવવિલાસમાં વધારો થયો હતો.

**• ચર્ચા કરીએ :**

(1) શાહજહાં અને બાંધકામ

(2) ઔરંગઝેબની રાજનીતિ

**• ચાલો યાદ કરીએ :**

(1) મુઘલ સમયમાં રાજમહેલ તથા રાજદરબારનું વાતાવરણ વિલાસી હતું.

(2) મુઘલ સમયમાં વિદેશી મુસાફરો અને પ્રતિનિધિઓ રોકાયા હતા.

(3) શિવાજીએ વિશાળ મરાઠા રાજ્યની સ્થાપનાનો પાયો નાખ્યો.

•